નિસ્યંદન

(ગુજરાતી કવિતાનું ઈ–સામયિક)

ઓગસ્ટ- ૨૦૧૩

વર્ષ – ૨ અંક – ૩ સળંગ અંક – ૯



તંત્રી-સંપાદક

યોગેશ વૈદ્ય

પરામર્શક

જનક દવે સાહિલ શશિકાંત ભટ્ટ 'શૈશવ' જિતુ પુરોહિત

આ અંકના ફોટોકલાકાર : માર્કસ રૂગેલ્સ (Markus Reugels) પ્રૂફરીડિંગ : જિતુ ત્રિવેદી લેઆઉટ : યોગેશ વૈદ્ય

ટેકનિકલ સહયોગ : હાર્દિક ભટ્ટ દિનેશ વાઘેલા

o 'નિસ્યંદન' વિશે

- o મૂલત: ગુજરાતી કવિતાને વરેલું 'નિસ્યંદન' અન્ય ભાષાની કવિતા તેમજ અન્ય કળાઓને પણ સ્પર્શવા ધારે છે.
- o લવાજમ – આપનો ઉમળકો અને આપની કાવ્યનિષ્ઠા
- o નિસ્યંદન' આપના ઈ-મેઇલ આઇ.ડી. પર નિયમિત મેળવવા આટલું કરો : અમારી નવી વેબસાઈટ **http://yogish.co.in** પર જઈ 'નિસ્યંદન' નામક વિભાગમાં સાઈડબારમાં મૂકેલ 'નામાંકન પત્ર'માં વિગત ભરી **submit** કરો.

  અથવા **https://docs.google.com/spreadsheet/embeddedform?formkey=dHRQTnYzLVI4YWZmNHpXVF9VS3R4cnc6MQ**

  કડી પર **Ctrl+Click** કરો. ખૂલેલા ફોર્મમાં વિગત ભરી **submit** કરો.
- o આપના સાહિત્યકાર મિત્રો તેમજ કાવ્યરસિક મિત્રોને 'નિસ્યંદન'ના નામાંકન માટે પ્રેરી 'નિસ્યંદન'ના પ્રસાર માટે મદદરૂપ થવા વિનંતી.

o 'નિસ્યંદન' માટે આવકાર્ય છે

- o અપ્રગટ મૌલિક કાવ્યરચનાઓ તથા કાવ્યાનુવાદ / મીમાંસા. કૃતિ સાથે સાહિત્યકારે પોતાનો ફોટોગ્રાફ પણ જોડવો.
- o *અપ્રગટ રચનાઓ જ મોકલશો . બ્લોગ / વેબસાઇટ પર મુકાયેલી પ્રગટ રચનાઓ મોકલવી નહીં .*
- o આપની આસપાસ / સંસ્થામાં બનતી સાહિત્યિક ઘટનાઓના સમાચાર / લઘુવૃત્તાંત (ફોટોગ્રાફ તથા વીડિયો ક્લિપિંગ પણ મોકલી શકો.)
- o આપના અંગત સંગ્રહમાંથી કાવ્યપઠનની ઑડિયો/વીડિયો ક્લિપિંગ.
- o 'નિસ્યંદન'ના સુશોભન / મુખપૃષ્ઠ માટે આપના દ્વારા ઝિલાયેલા સુંદર ફોટોગ્રાફ / આપનાં બનાવેલાં ચિત્રો.
- o પુસ્તક-પરિચય માટે પુસ્તકની એક નકલ.
- o *'નિસ્યંદન'માં પ્રગટ થતા વિચારોની જવાબદારી જે તે કવિ / લેખકની રહે છે.*
- o કૃતિના સ્વીકાર / અસ્વીકારનો નિર્ણય એક માસમાં લઈ લેવાય છે.

o અમને મળવાનાં ઠામ-ઠેકાણાં :

- o ટપાલી દ્વારા – યોગેશ વૈદ્ય, 'હૃદય કુંજ', યોગેશ્વર સોસાયટી, ૬૦ ફૂટ રોડ, વેરાવળ. ૩૬૨ ૨૬૫ (ગુજરાત) ભારત.
- o ઇ-મેઇલ દ્વારા - **mryogi62@gmail.com**
- o વેબસાઈટ **http://yogish.co.in**
- o બ્લોગ **http://yogesh-vaidya.blogspot.com**

* અનુક્રમ *



કાહે ન ધીર ધરે .....

એક સર્જકને જ્યારથી પોતાનામાં રહેલી સર્જનાત્મકતાનો પ્રથમ મોંમેળાપ થાય ત્યારથી લઈને તે સ્વયં વીજળીના ચમકારે મોતીડાં પરોવતો થઈ જાય ત્યાં સુધીની યાત્રામાં તેની આંતરિક ધીરજનો સાથ જ તેને વધુ ઉજમાળો બનાવીને રાખે છે. પોતાની પ્રતિભાને પિછાણવી, સર્જનની પ્રક્રિયાને સમજવી, એક સર્જક તરીકેના કર્તવ્યને સમજવું, પોતીકા અવાજને પ્રગટાવવાની મથામણ કરવી - આ સમગ્ર પ્રક્રિયામાં સ્વીકૃતિ અને માર્ગદર્શન જેવાં બાહ્ય પરિબળો ઉપરાંત જે આંતરિક સાધનોની જરૂર સર્જકને પડે તેમાં તેની પોતીકી ધીરજ મુખ્ય છે. તેની આ સાધના એક સ્તર સુધી ન પહોંચે ત્યાં સુધી સર્જક ખૂણો પાળે એ તેની આગળની સફળ સર્જનયાત્રા માટે વધુ ઇચ્છનીય છે. આ કાળ દરમ્યાન તે સાચી કે ખોટી સ્વીકૃતિના ઝાકઝમાળમાં છકી ન જાય, લોભામણી લઢણમાં લપટી ન જાય, કોઈ વાદનું વાજિંત્ર ન બની જાય તેનું ધ્યાન રાખે તે અતિ મહત્વનું છે. પોતાનામા રહેલી શક્યતાઓને સર્જકે પોતે જ પિછાણવાની છે, તરાશવાની છે તે દરેક નવ્ય કવિને યાદ રહે તેમાં તેનું અને ગુજરાતી સાહિત્યનું શ્રેય છે.

હકીકતે ભોંમાં ભંડારાઈને પડેલું કોઈ બીજ જે ધીરજ સાથે અંકુરાઈ જવાની રાહ જુએ તેટલી જ ધીરજ સાથે કવિ સર્જનાત્મક ક્ષણની રાહ જુએ તે એક ઉત્તમ કવિતાના સર્જન માટેની જરૂરી શરતો પૈકીની અતિ મહત્વની શરત છે.

આ મેગેઝિનના સંપાદનની પ્રક્રિયા દરમ્યાન હું આવા ઘણા પ્રતિબદ્ધ અને ધીરજવાન યુવા કવિઓના પરિચયમાં આવ્યો છું. પ્રતિભા અને પ્રતિબદ્ધતાનો દુષ્કાળ અહીં નથી જ. પ્રશ્ન તેના ઘડતરનો છે. સર્જનના હેતુને સમગ્રપણે સમજીને કામ કરતી એક નવી પેઢીને તૈયાર કરવાનો છે. આ વાત હું એવા સમય વચ્ચે ઊભીને કહી રહ્યો છું જ્યાં અસંખ્ય નવી કલમો આપણાં માધ્યમોને છલકાવી રહી છે. દર માસે લગભગ બે કાવ્યસંગ્રહના દરે પ્રકાશનો થઈ રહ્યાં છે, તેનાં વિવેચનો થઈ રહ્યાં છે, વાહ વાહ થઈ રહી છે, ભયો ભયો થઈ રહ્યો છે. ફેઇસબુક જેવાં માધ્યમો પર દર દશ મિનિટે એક નવી કવિતા (મોટાભાગે નવ્ય કવિની) મુકાઈ રહી છે અને તેટલી જ માત્રામાં 'લાઈક' થઈ રહ્યા છે. એક રીતે આ પરિસ્થિતિ ખૂબ જ ઉત્સાહપ્રેરક અને આવકાર્ય છે; પણ ભાઈ, આ સર્જનોની ગુણવત્તા વિષે પણ વાતો થાય , નવ્ય કવિઓને માર્ગદર્શન મળી રહે, તેમનું ઘડતર થાય તે પણ તેટલું જ જરૂરી નથી લાગતું ?

કવિ રઈશ મણીઆર અને કવિ વિવેક ટેલર દ્વારા ફક્ત નવ્ય કવિઓનાં માર્ગદર્શન અને ઘડતરના હેતુ સાથે એક માસિક કાવ્યસભા સુરત શહેરમાં શરૂ થઈ છે. અમદાવાદ, વડોદરા, મુંબઈ, જામનગર, જૂનાગઢ, ભાવનગર વગેરે સ્થળોએ પણ આ પ્રવૃત્તિ પ્રત્યક્ષ કે પરોક્ષ રૂપે થઈ જ રહી છે. આવી પ્રવૃત્તિ તેના સાચા હેતુ સાથે ઠેર ઠેર પ્રસરે અને પેલી ધીરજના પાઠ પણ ત્યાં ભણાવાય તો કેવું સારું ?

યોગેશ વૈદ્ય — તારીખ : ૦૧ . ૦૮ . ૨૦૧૩

O આપણું અંધારું



૧.
આંખમાં આંખ પરોવીને ઊભો રહ્યો
દીવાસળી ઘસી, પણ
ન એની આંખોમાં, કે પછી
એ આંખોમાં પડતાં મારા પ્રતિબિંબમાં
ક્યાંય અજવાળું ન થયું

મેં જોયું કે
મારી ચોપાસ જે ટોળે વળે છે ને
મારામાં જે ભડકે બળે છે – એ અંધારું
નથી મને શાતા આપતું કે
કોઇને સાંત્વનાભરી નિદ્રા

જેને જેને મળી
પથ્થર પથ્થર ભટકાવી, તણખા કરી
રાત ને દિવસ પેટાવેલાં
હું એમની પાસે પણ ગયો
નામ દઈને બોલાવ્યાં
રાડ નાખી
ફરી દીવાસળી ઘસી

મને સમજાયું કે કદાચ
અમે જ પેટાવેલા દિવસોને રાતોની આગમાં
અમે બધ્ધાંય ભડથું થઈ ગયાં હતાં.

૨.
આપણે દીવો પેટાવવા મથ્યાં
અને દીવો પ્રગટ્યો પણ ખરો
એના ઉજાસમાં જે કંઈ દેખાયું
એ નિહાળવામાં
આપણે એવાં તો પરોવાઈ ગયાં કે-

ભૂલી ગયા
દીવો હોલવાઈ શકે છે
અજવાળું લાંબે સુધી નહિ રહે
દીવો મૂક્યો છે એ જગાએ
પહોંચવાનો કોઈ એક જ માર્ગ નથી
અને એ પણ ભૂલી ગયાં કે
આ અંધારું
કાળમીંઢ ભેખડની જેમ
ગમે ત્યારે તોળાઈ શકે છે
ધસી શકે છે

જોકે આપણે તો ઘેલાં, મુગ્ધ, ખિખિયાટા કરતાં
ઓળઘોળ થઈએ છીએ
આપણી આંખો પર
ને અજવાળું કરવાના આપણા કરતબ પર.

૩.
આછા અજવાળામાં બેઠો છું

અજવાળું
મધરાતનું છે કે પછી મળસ્કાનું
કે છે એ કોક ભૂલા પડેલા સપનાનું
કળી શકાતું નથી
આછા અજવાળામાં
આછું આછું બેઠો છું

કદાચ ને જો
અજવાળું ઊઘડશે – પથરાશે
તો પથરાઈ જઇશ

અથવા ને જો એ વિલાશે
તો ભેગો હુંય વિલાઈ જઈશ, એ નક્કી!

૪.
માચિસના ખોખા જેવી ઓરડીમાં બેઠો છું
પણ દીવાસળી જેવું કશું જ નથી

એથી જ તો
આગ લાગવાની
આગ ચાંપવાની
ભડકો કરવાની
ભડકો થવાની
કોઈ જ શક્યતા નથી

ઘોર અંધારું છે
બળી ગયેલી દીવાસળીના ટોપકામાં હોય છે, તેવું જ
જોકે દીવાસળીના બળી ગયેલા ટોપકા વડે
અક્ષર પાડી શકાય છે

પણ આ અંધાર-કાળી-મેશ ઘડીમાં
પોતાની હથેળી પણ ઓળખી શકાતી નથી.

O પીયૂષ ઠક્કર

O ગઝલ



મનનાં તમામ વળગણોથી દરકિનાર છું;
એ કારણે તો સર્વ રહસ્યોથી પાર છું.

હું તારી રાહ જોઉં છું તારી જ છાયમાં;
લાગે છે તોય હું અધૂરો ઈંતઝાર છું.

કમભાગ્ય મારા! તોય તમે ઓળખ્યો નહીં;
જેને અઢેલી ઊભા છો, હું એ જ દ્વાર છું.

ક્યાં થઈ શક્યું છે મારી દશાનું નિરાકરણ;
આકાશ નીચે હોવા છતાં બંધિયાર છું.

અટવાતો જાઉં છું હજુએ ઠેર ઠે હું;
ચાહે તમામ આપદાની આરપાર છું.

'સાહિલ' ભરમના કિલ્લા કહો શી રીતે તૂટે ;
ભીતર છું એટલો હું કદી ક્યાં બહાર છું !

O 'સાહિલ'





O ગઝલ

મારી જ લાસ છે અને મારા જ સ્કંધ છે ;
જેવા છે તેવા આજ તો ઋણાનુબંધ છે.

બિંબોની મોજણીઓ કહો શી રીતે કરે ?
છે મારા હાથમાં એ અરીસો જ અંધ છે.

જોવા મળ્યા ન ક્યાંય સગડ માણસાઈના;
ચારેય બાજુ માણસો તો થોકબંધ છે.

કાં તોય બંધનોમાં નિહાળું છું હું મને ?
નભ નીચે નહિ તો રાતવાસાનો પ્રબંધ છે.

દૈવે લખ્યો છે એના સગ્ગા હાથથી છતાં
હોવું સહુનું જાણે અધૂરો નિબંધ છે.

નિયતિ સ્વયંભૂ આવીને ઊભી છે આંગણે ;
ને બારી – બારણાંઓ બધાં ઘરનાં બંધ છે.

'સાહિલ' હું ચાહે હોઉં જગતના કોઈ ખૂણે ;
શ્વાસો મહીં હંમેશાં વતનની સુગંધ છે.

O 'સાહિલ'

0 ગીત



જળમાંથી કુંડાળા તારવી લીધા ને પછી છૂટ્યું તે નીર મને આપ્યું,
તોય મન કાં અધીર મને આપ્યું.
પૂરતાં પૂરતાં મારી ઇચ્છા પાંચાલીને વધ્યું તે ચીર મને આપ્યું,
તોય મન કાં અધીર મને આપ્યું.

ઊજળા ચંદરવાના અજવાળે અજવાળે ધબકાવી અંદરની નાડી,
એકલિયા બીજને રોપી-આરોપીને જીવતી રાખી છે મારી વાડી.
મીરાના ભાગમાંથી ઊભું ફાડીને અડધું, કાળું મલીર મને આપ્યું,
તોય મન કાં અધીર મને આપ્યું.

મસ્તીમાં મસ્ત રે'વા કેવાં તેં દાન દીધાં ?
ઊંચાં નિશાન દીધાં, લય સૂર ને તાન દીધાં.
તનનું કામઠિયું તો તાકું ત્યાં તીર પડે, એવું તે થીર મને આપ્યું.
તોય મન કાં અધીર મને આપ્યું.

O સતીશચન્દ્ર વ્યાસ 'શબ્દ'



0 ગીત

ભીનો ભચાક તારો અંબોળો સૂકવવા, સૂરજ થઈ આવવાનું મન.
આંખોમાં ઊગેલી મઘમઘતી સપનાંની વેણી લઈ આવવાનું મન.


ટાઢા બે હાથ પાસે દેતવા મંગાવતાં ;
ડેલીએ બેસીને શ્વાસ હુક્કો ગગડાવતાં ;
થાય મને ઘડી ઘડી પાળિયેથી નીકળી ત્યાં પાછા જઈ આવવાનું મન.
આંખોમાં ઊગેલી મઘમઘતી સપનાંની વેણી લઈ આવવાનું મન.

કાળા મલીરમાંય જ્યારે તું નીકળે છે ;
ઉપર સિંદૂર અને અંદર કૈં પીગળે છે !
મનના કમાડિયાની છાતી પર થાય મને થાપા દઈ આવવાનું મન.
આંખોમાં ઊગેલી મઘમઘતી સપનાંની વેણી લઈ આવવાનું મન.



O સતીશચન્દ્ર વ્યાસ 'શબ્દ'

O ભાષા





આપણે હતાં પહાડ જેવાં
હતાં વૃક્ષ જેવાં
હતાં ઝરણાં જેવાં
વહેતાં જતાં હતાં દૂર દૂર
દરિયાએ આખરે
જાણી લીધાં હતાં આપણને
આકાશને ખબર પડી ગઈ હતી આપણાં હોવાની
ગ્રહોની સંગતથી
નિર્મિત થઈ રહ્યું હતું સંગીત
ખેંચાતું આવતું હતું આપણી તરફ
નિહારિકાઓની પાર
ઊંચા શિખર પર ફેલાયેલો તેજપુંજ
એકધ્યાન જોઈ રહ્યો હતો
આપણને જ

પછી આપણી અંદર ઇચ્છા જાગી
આ બધું ચેતન તો જાણી લીધું
હવે જડને જાણી લઈએ
ને જડની આજુબાજુ જે ભાષાઓ તરી રહી છે
હવાના ઝાપટાંઓથી ભમતી
એને પણ જાણી લઈએ

એટલે પહેલાં બન્યાં પથ્થર
પછી બન્યાં વૃક્ષ પરથી ખરેલાં પાંદ
પછી બન્યાં નાનકડું બુંદ
પછી પાણીથી ભરાયેલું ખાબોચિયું બન્યાં
પછી થયો સ્મૃતિભ્રંશ
એટલે નહોતો દરિયો, ન તો આકાશ
ગ્રહોની સંગત, નિહારિકાઓનું પણ
નહોતું ક્યાંય નામોનિશાન
ઊંચું શિખર અને તેજપુંજ જેવી વસ્તુઓ
આપણા માટે કદાચ નિરર્થક હતી
એટલે એના હોવા – ન હોવાનો
કોઈ અર્થ જ નહોતો

પછી આપણે
કામકાજની ધૂનમાં
કે પછી કંઈક પૂરું કરવાની ઝંઝટમાં
કોઈક જગ્યાએ પહોંચવા દોડતા લોકોને
વારંવાર સાદ પાડ્યા
કહ્યું કે જુઓ જરા અમારી તરફ
અને પૂછ્યું કે તમે જણાવશો અમને ભાષાઓના અર્થ ?

લોકોએ જવાબ દીધો
અમે બધું જ જાણીએ છીએ
મોડી સાંજે પાછા વળીશું ત્યારે તમને જણાવીશું
અમારી પાસે બધી જ ભાષાઓની ચોપડીઓ છે
અને અમારી સ્મૃતિઓ તળે પડ્યા છે એના અર્થ
બેફિકર રહો
અમે શોધી શોધીને
એક શબ્દના અગણિત અર્થો જણાવીશું
એવા અર્થો કે જે એકબીજાથી અલગ હોય
ભાષાઓ આ રીતે જ હોય છે
તમને લોકોને હજી સુધી ખબર નહોતી ?

O ફારૂક શાહ

O ભૂરા આકાશમાં લીલું ઘર





માટીની કાચી ભીંતો અને
લીંપણથી ઓપતું જૂનું વતનઘર
દાદાના બોખાં મોં જેમ તાકી રહ્યું છે.
દાદાએ જાતે ગારો ખૂંદીને રચ્યો હતો
આ રળિયામણો માળો.
દાદી એક હાથે સંભાળે ઘરગૃહસ્થીનાં કામ
ને બીજે હાથે દાદાના ઉધામા.
બાપા, મોટા બાપા, ફોઈ એ વખતે તો હશે
તગતગતાં તરુણ
હોંશે હોંશે માટીનાં તગારાં ઊંચકી ઊંચકી
દોડધામ કરતાં હશે.
ઘર તો પૃથ્વીની હથેળીમાં રચાયેલું જ હતું પ્રથમથી
દાદાએ બસ એનો આકાર ખુલ્લો કર્યો.
ફળિયાની મનહર સૃષ્ટિ સહિત
ઊપસી આવ્યું સમયની છાતી પર
સંબંધોની લીલાભૂમિ સમું ન્યારું ઘર.

O રમણીક અગ્રાવત



O મફત ભોજન

સદાવ્રતની લાંબી લાંબી કતાર
આ છેડેથી પેલે છેડે લગી ભૂખની વ્યાકુળતા
સૂકી બરડ ભાખરી થાળીમાં ફડફડફડફડ ફેંકાતી જાય
પાણીદાર દૂધથી વાટકી માંડ ભરાય
ઉપર તેલ હેઠ પાણી
વચમાં હરેફરે શાકની પાતળી વાણી
સ્વાદનો ટળવળાટ જીભને લલચાવે
હોજરીમાં પોઢેલો થાક ઘણું બોલાવે
તોય
ભોજનદાતાના લાખ લાખ જયજયકાર વિના
પોષણનું સાવ ખોટું તાળું
ક્યાંથી ખૂલે !

O રમણીક અગ્રાવત

O ગીત-૧



તારા અક્ષરની ગલીઓમાં ઊંડે લપસ્યો કે મારા હાથે ચડી ગઈ તું,
ઠેઠ ભીતર અડી ગઈ તું.

જનમોજનમ પછી તારો કાગળ મને કોણ જાણે શી રીતે જડ્યો?
પહેલી મુલાકાત, પહેલો જ સ્પર્શ હોય એ રીતે હળવેથી અડ્યો.
અત્તર ઢોળાય રૂના તાર-તારે એમ મારા રુદિયે પડી ગઈ તું.


એક-એક અક્ષરની ડાળી પર ઝૂલ્યો હું, જેમ ઝુલતી તું મારી આંખમાં,
લગરીક અંતર પણ જો વચ્ચે વર્તાય તો આંખથી તું કહેતી કે 'રાખ મા'.
ડાબા હાથે મુકાયેલ કાગળ શું જડ્યો, આખેઆખી જડી ગઈ તું.

O વિવેક મનહર ટેલર



O ગીત-૨

ના, નહીં આવું, મળવાને નહીં આવું,
જે મારગથી તારી હો આવન-જાવન, એ મારગને મારગમાં નહીં લાવું.



કાળજાના ફૂલડાને પથ્થર બનાવવાનું કામ કેવું કપરું છે, કાના ?
પણ એકવાર નક્કી કરી જ દીધું હોય પછી ડગ પાછાં ભરવાનાં શાનાં ?
જાદુની વાત નથી, હૈયાને રોજ-રોજ પળ-પળ હું આવું સમજાવું.
ના, નહીં આવું, મળવાને નહીં આવું...

તારી આગળ તો આખી દુનિયા પડી છે ને મારી તો દુનિયા બસ, તું !
આયનાની સામે છો કલ્લાકો કાઢું પણ જડતી નથી મને 'હું'.
સાન-ભાન ભૂલી પણ એટલું નહીં કે મારા હોવાની યાદ હું કરાવું.
ના, નહીં આવું, મળવાને નહીં આવું...

લિખિતંગ રાધાના ઝાઝા જુહાર, ભલે આંખો આ થાય નહીં ચાર,
મનડું પાણીની જેમ તારામાં ઢોળાયું, તનડાનો શાને વિચાર ?
ના, ના, રિસાઈ નથી, પ્યાર છે આ પ્યાર છે પણ તને હું કેમ સમજાવું ?
જા, નહીં આવું, નહીં આવું, નહીં આવું...

O વિવેક મનહર ટેલર

O પત્ની



મેં ઘણી વાર
સાવ ખોટેખોટું એને કહ્યું છે :
" તું મને ખૂબ ગમે છે."
મને ખબર ન પડે એમ
એણે મારા શબ્દમાં
જીવ પૂરી બતાવ્યો.
O
મારા પતંગિયાપણાના સમ
બધાં જ ફૂલો
એની પાસે સુગંધ લેવા આવે છે
અને એ....
હું ઓફિસે નીકળું ત્યારે
મને ગમતું પરફ્યુમ
મારા હાથમાં મૂકે છે.
O
એણે થોડાં રંગો બચાવી રાખ્યા છે
ઘણી વખત
એકલી એકલી
બેડરૂમના જટિલ દાગ પર
કર્યા કરે છે ટચિંગ
O
સંબંધોના ધરતીકંપમાં
વેરવિખેર થયાં છીએ
છતાં એણે ક્યારેય
ઘરને શેરી સુધી લંબાવા નથી દીધું
O
એણે જ્યારે જ્યારે મને
હસી કાઢ્યો છે
ત્યારે
એની આંખના ખૂણે છલક્યું છે
આંસુનું એક ટીપું
જેમાં હોય છે
મારી અણસમજ.





O ગઝલ

વિસામો ખાઉં પહેલાં થાક ઉતરાવ્યા કરે છે એ.
ગજા કરતાં વધારે ભાર ખેંચાવ્યા કરે છે એ

ન ફૂટે લોહીની ટશરો, ન ચહેરો તંગ થાવા દે,
ત્વચા આખી ને આખી એમ બદલાવ્યા કરે છે એ

અરીસાથી વધુ સાચો પરિચય આપવા અમને
બધા પાસે અમારી જાત વંચાવ્યા કરે છે એ

ભીતર વાસેલ સાંકળને ભીતરના હાથ શોધે છે
અહીંથી દ્વાર વારંવાર ખખડાવ્યા કરે છે એ

તમસના એક છેડે હું, બીજા છેડે ઊભો રહીને-
અમારી ચેતનામાં દીપ પ્રગટાવ્યા કરે છે એ

O વંચિત કુકમાવાલા

O ગઝલ

કદી હું બિંબમાં ડૂબ્યો, કદી દર્પણમાં ડૂબ્યો છું;
કોઈ કારણ વિના હું સેંકડો કારણમાં ડૂબ્યો છું.

સમંદર જેમ ઘૂઘવતા સમયને હાથતાળી દઈ-
જતનથી જાળવેલી થોડી અંગત ક્ષણમાં ડૂબ્યો છું.

તરસની જોરતલબી આ મને ક્યાં લઈને પ્હોંચી છે;
છલોછલ મૃગજળોના સાવ સુક્કા રણમાં ડૂબ્યો છું.

જીવન આખું વિતાવ્યું છે નરી અવઢવની સ્થિતિમાં;
કદી મબલખમાં હું ડૂબ્યો , કદી હું કણમાં ડૂબ્યો છું.

મને શોધી રહ્યો છું વારતાના હર વળાંકે પણ -
ગતાગમ કૈં નથી પડતી કયા પ્રકરણમાં ડૂબ્યો છું.

O શશિકાંત ભટ્ટ 'શૈશવ'







O ગીત - નદીનું નામ ...

નદીનું નામ હવે ઝાડવું ....
આથી જણાવવામાં આવે છે કોઈએ બીજું ના નામ હવે પાડવું ...
પાણીને ઓળખો પાંદડા તરીકે ને
વ્હેતું તે વ્હેણ એની ડાળ છે ;
માછલીનું નામ હવે પંખી થઈ જાય
એવો ઘેઘૂર લીલાશનો ઢાળ છે .

કેમ કરી મૂળથી ઉપાડવું ?
નદીનું નામ હવે ઝાડવું ....

કેટલાંય ગામ એની છાંય તળે બેસી
હાશકારા જેવું વાગોળતાં,
ચોપાથી છલકીને ઢોળાતા છાંયડાને
પોતીકી રીતે સૌ ખોળતા.
મારે પણ સપનું ઉગાડવું ...
નદીનું નામ હવે ઝાડવું ....
આથી જણાવવામાં આવે છે કોઈએ બીજું ના નામ હવે પાડવું ...



O હેમંત ગોહિલ 'મર્મર'

O સુખ



આમ તો
આ સાવ નાનકડું ફ્લેગ સ્ટેશન
મારા ગામથી
પૂર્વ તરફ જતાં રસ્તામાં આવે
જંગલ પૂરું થાય
અને તરત જ આવતું
આ નાનકડું ફ્લેગ સ્ટેશન .

પ્લેટફોર્મથી
થોડે દૂર
જાળીવાળી દીવાલને અડીને
એક બાંકડો
લવંડર ફૂલોથી લચોલચ વેલના છાંયાવાળો .

મેં
અનેક વખત
જોયો છે
ચાલતી ટ્રેનમાંથી
ઘણી વખત
સપનાંમાં પણ આવે
એકાકી ફ્લેગ સ્ટેશન પરનો
લવંડર ફૂલોથી લચોલચ વેલના છાંયાવાળો
આ બાંકડો.

સ્ટેશન થીજી ગયેલું
પાટાઓ ઓગળીને ગાયબ
બધાજ સંદર્ભો, અક્ષાંશ-રેખાંશ,
નિશાન-નકશાથી વિખૂટો પડી ગયેલો -
અફાટ મહાસાગરમાં
સાવ એકલા ટાપુ જેવો
માત્ર આ બાંકડો
લવંડર ફૂલોથી લચોલચ વેલના છાંયાવાળો



મારે ઊતરી પડવું છે અહીં
ટ્રેન ઊભી રહેતી નથી .
બારીના સળિયા હચમચાવું
પ્લેટફોર્મ પરના માણસને બૂમ પાડું
પગ પછાડું.

આ પ્લેટફોર્મ પર ઊતરી,
મારે
પેલા બાંકડા પર
એક વખત બેસવું છે
ઊંડા ઊંડા શ્વાસ ભરી
નિરાંત લેવી છે
મલયાનિલની હળવી લ્હેરખી વાય
અને
ઉપરથી એક લવંડરીયું ફૂલ
ટ.. પ્ દઈને મારા પર પડે

બસ એટલું જ......
એટલું જ સુખ !

O યોગેશ વૈદ્ય

O ગઝલ

દે પિંજરું, પણ આંખમાં નભનાં સપન દેજે
એનેય લઈ ઊડી શકું એ ઉડ્ડયન દેજે

જાતે ઠરું, પ્રગટું; મને મારાં ચયન દેજે
હોઉં અગર દીપક, સતત સામો પવન દેજે

મુશ્કેલીઓને જળ ઝબોળી ઉત્કલન દેજે
શ્રદ્ધા ડગે નહિ ક્યાંય પણ એવું વચન દેજે

જો જન્મ બીજો આપ તો તું એટલું કરજે
આ હીંચકો, આ આંગણું ‘ને આ સવન દેજે

જે જે વિચારું છું બધુંયે થાય છે સાચું
મારા પ્રભુ ! સારું વિચારું એવું મન દેજે

O ડૉ. નીરજ મહેતા





O ગઝલ

ધીમે-ધીમે થવાનો ક્ષય રત્તી-રત્તી તોલા-તોલા
એ સ્વીકારીને છું નિર્ભય રત્તી-રત્તી તોલા-તોલા

વધતી આમ સતત એની વય રત્તી-રત્તી તોલા-તોલા
આંખોમાંથી ગાયબ વિસ્મય રત્તી-રત્તી તોલા-તોલા

ક્ષણ-ક્ષણમાં ઊભરાતો સંશય રત્તી-રત્તી તોલા-તોલા
અંધારામાં ભળી રહ્યો ભય રત્તી-રત્તી તોલા-તોલા

ધીમે-ધીમે કરતાં ઠાંસોઠાંસ ભરી દેશે નજરોને
સપનાંઓનો થાતો સંચય રત્તી-રત્તી તોલા-તોલા

પૂછે છે ધૃતરાષ્ટ્ર કુરુક્ષેત્રે કૌરવનું જોર કેટલું ?
તરત જ ઉત્તર વાળે સંજય - ‘રત્તી-રત્તી તોલા-તોલા’

જેમ સાંજમાં રંગો ભળતા જાય સૂરજ દરિયે સ્પર્શ્યાથી
એમ ખરલમાં ઘૂંટાતો લય રત્તી-રત્તી તોલા-તોલા


રેતીને શંકા છે કે શું થાવા બેઠું છે દરિયાનું ?
થોડું ખસતું રોજ શિવાલય, રત્તી-રત્તી તોલા-તોલા



O ડૉ. નીરજ મહેતા

o અરથ અંતરી........

ફારૂક શાહ



કવિતા આખરે તો અસ્તિત્વબોધની સંવેદનના સ્તરે પડેલી અવસ્થાઓને અભિવ્યક્ત કરતી હોય છે. અને અસ્તિત્વ છે કે કદી પણ એકલું કે અલાયદું નથી હોતું. તેની આસપાસ અનુભવના, સંબંધોના, પરંપરાના, પરિસ્થિતિઓના, વૈયક્તિક કે સામૂહિક નિયતિઓના અનેક પ્રકારના સંદર્ભો રહેલા હોય છે. તેની સાથે સાથે યથાસ્થિતિમાંથી બહાર આવી વધુ સારા કે સંભાવનાશીલ જગતની આકાંક્ષાઓ પણ અનિષ્ટ પરિસ્થિતિઓના વિરોધે કવિતામાં વિષય બનીને આવતી હોય છે. આજની સર્જાતી કવિતામાં નર્થ-અનર્થની સંકલનાઓ, નિર્મિતિઓ આખરે તો આ રીતના જ કોઈ મંથનના પરિણામ રૂપે અથવા તો પ્રતિક્રિયા રૂપે આવતી જોવા મળે. ઉપરાંત ચિંતનના ગંભીર ઢંગ અપનાવીને પણ એ રીતની પ્રતિક્રિયાઓ આજનો કવિ દાખવતો જોવા મળે. એવે વખતે તે ઘણી વાર સામૂહિક નૃવંશશાસ્ત્રીય નિરીક્ષણો અને લોકસાંસ્કૃતિક રૂઢ વસ્તુને અધ્યયનનું વાહન બનાવીને, તેમાં રહેલા અસ્તિત્વ વિરોધી તત્ત્વોનું શોધન કરી, તેને અતિક્રમવાની રીતિ અપનાવીને ટકાવી રાખનારી બાબતોની શોધ ચલાવે છે.

આ રીતની શોધ વખતે લોકયાતનાનો અતીત વિષય તરીકે સ્થાન પામે છે અને તેમાં રહેલાં આરંભના, મધ્યના અને સાંપ્રત પક્ષોનું વિશ્લેષણ થાય છે. અસ્તિત્વને પોષક અને નષ્ટ કરનારી બાબતોની વિચારણા થાય છે. ક્રૂર યથાર્થ અને આદર્શ યથાર્થનાં રૂપો સ્પષ્ટ કરવામાં આવે છે. આમ જે એક સમગ્ર ગતિવિધિ નિર્માણ પામે છે તે આઘાત, નિરાશા અને અરાજક સ્થિતિમાંથી બહાર આવી કશાક સુખદ નિષ્કર્ષોને પામવાનું કરે છે. સામૂહિક માનવીય ચેતનાની જાગૃતિના ઉપાયોને તારવીને કલાની એક એવી પ્રતિબદ્ધતાને દર્શાવે છે જે સનાતન જીવનમૂલ્યો પ્રત્યે વફાદારી નિભાવતી હોય.

બંગાળી કવિ શ્યામલ કુમાર પ્રામાણિકની કવિતા 'શ્વાસોનો ધ્વનિ છે આપણી પાંખમાં' એ પ્રકારની કવિતા છે, જે ઉત્પીડિત સમાજના અતીત અને વર્તમાન વચ્ચે રહેલા ક્રૂર યથાર્થની સમાંતરે એક યોગ્ય જગતના નિર્માણનું દાયિત્વ દાખવે છે. આ કવિતા અતીતના સ્વર્ણિમ ચિત્રની ઝાંખી કરાવીને, જે કંઈ સામૂહિક અનિષ્ટ પરિસ્થિતિઓ રચાઈ ગઈ છે તેમાંથી મુક્ત થવા માટે લોકજાગૃતિ અને પરિવર્તન માટેની વ્યાપક આકાંક્ષાની પેરવી કરે છે. જોઈએ :

o આપણી પાંખમાં (બંગાળી કવિતા)

શ્યામલ કુમાર પ્રામાણિક

શ્વાસોનો ધ્વનિ છે
આપણી પાંખમાં
છાતીમાં છે
વરસાદી ગીત અને આદિમ ક્ષુધા
આપણા પૂર્વજો ગાતા હતા
એ ગીતોમાં
સૂરજ ઝળહળતો હતો
વરસાવતો હતો ચંદ્રમા ચાંદની
ઉછાળતો હતો સમુદ્ર
લહેરોની છોળો

તોય તે
મૂંઝવી નાખે એવો અંધકાર
રહેતો હતો આપણાં ઘરોમાં

એ અંધકારમાં
ફંફોસતાં ફંફોસતાં શોધતાં આપણે
એકાદ કાચી-પાકી રોટલી
રાતભર ઘેરો ઘાલીને રહેતાં હતાં
આપણી ચારેતરફ
મહાકાળ, જીવન અને મૃત્યુ
પછી ન જાણે ક્યારે
આવીને ઊભી રહી જતી
ઊજળી સવાર
ને છવાઈ વળતું હતું
નીલ મરણ તળે અનંત આકાશ



તમે લોકો જાગો, ઊઠો !
શા માટે સૂતાં છો
આમ અનંતકાળથી ?
કેમ સંભળાતું નથી તમને
એ વરસાદી ગીત ?

(અનુવાદ-સહયોગ : કુસુમ બાંઠિયા)



માર્કસ રૂગેલ્સ
(Markus Reugels)

o આ અંકના ફોટોકલાકાર

૩૪ વર્ષીય જર્મન ફોટોકલાકાર માર્કસ રૂગેલ્સ **(Markus Reugels)** હાઈ સ્પીડ કેમેરા દ્વારા થતી લિક્વિડ ફોટોગ્રાફીના માહિર કલાકાર છે. પ્રવાહીના નરી આંખે ન દેખાતા રમણીય આકારો , એક બુંદના ઉછાળ/આઘાત દરમ્યાન નીપજતી રમણીય અને રોમાંચક ભંગિમાઓને તેઓ કેમેરાની બધી જ યાંત્રિક ખૂબીઓને કામે લગાડીને આપણી સમક્ષ સુંદર રીતે મૂકી આપે છે. પ્રવાહી આકારોનું આશ્ચર્યચકિત કરી દેતું અગોચર રૂપ અહીં પ્રત્યક્ષ થાય છે. વિશ્વનાં ઘણાં પ્રકાશનગૃહો માટે તેઓ કામ કરી રહ્યા છે. ઘણા અગ્રીમ સામયિકોમાં તેમનું કામ સ્થાન પામી રહ્યું છે. ઘણાં મુખપૃષ્ઠોને તે શોભાવી રહ્યું છે. Abendschau-BR, Bayern Journal, TV-Touring, Discovery Channel, સમેત ઘણી ટેલિવિઝન ચેનલો પર તેમના વિષે ચર્ચા થઈ રહી છે. The Telegraph , Daily Mail, China Daily સહિત અનેક ઓનલાઈન સામયિકોમાં તેમનું કામ જોઈ શકાય છે. તેમનું કામ http://500px.com/MarkusReugels , http://www.flickr.com/photos/maianer/page1/ અને http://1x.com/member/77896 ઉપર જોવા મળે છે.

૦પુસ્તક પરિચય

જિતુ પુરોહિત



૦ ગુજરાતી ગઝલોનું 'એના ઘર ભણી' પ્રયાણ......

ગુજરાતી ગઝલના જુદા જુદા યુગ જોઈ શકાય છે. એમાં જ્યારે મનોજ,રમેશ,રાજેન્દ્રયુગના કવિઓની વાત આવે ત્યારે બગસરાની ધરતીના કવિ શિવજી રૂખડાનું નામ અચૂક યાદ કરવું પડે. મનુભાઈ ત્રિવેદી 'ગાફિલ' રાજેન્દ્ર શુક્લ વગેરેની જેમ આ કવિ પોતાની ગઝલોમાં ભગવારંગી ભજનનો મિજાજ જાળવી શક્યા છે અને આગળ જતાં એ જ એમની ઓળખ બન્ય છે.

આ કવિએ ૧૯૯૦માં 'ફૂલનો પર્યાય' નામનો સંગ્રહ આપેલ જેને ગુજરાતમાં સારો એવો પ્રતિસાદ મળેલ. એ પછી પણ તેમની સર્જનયાત્રા આગળ વધતી રહી અને ગુજરાતી ભાષાના પ્રતિષ્ઠિત સામયિકોમાં તેમની રચનાઓ પ્રગટ થઈ લોકહૈયા સુધી પહોંચતી રહી છે. શ્રી રઘુવીર ચૌધરી લખે છે," સૌરાષ્ટ્રના ત્રણ નવા હસ્તાક્ષર શિવજી રૂખડા, શૈલેશ ટેવાણી, ભરત વિંઝુડા માત્ર પ્રેમને નહિ, જીવનની વિવિધ વૃત્તિઓ-પ્રવૃત્તિઓને પણ વાચા આપે છે." તો નરોત્તમ પલાણ કહે છે," શિવજી રૂખડા એક જીવતા તળનો ગઝલકાર છે. શે'રમાં રચાયેલો મનોવ્યાપાર તેને ભરેલા ગઝલકાર તરીકે સિદ્ધ કરે છે." દર્દ ઉપનામ ધરાવતા આ કવિ વિશે ડો..એસ.એસ.રાહી લખે છે, "જીવનના દર્દને અભિવ્યક્ત કરવા તેમણે ઉચિત રીતે જ ગઝલના સ્વરૂપને પ્રેમ કર્યો છે. તેઓ ગઝલકાર તરીકે વિકસતા રહ્યા છે."

મારા સહિત બગસરાના અનેક નવોદિત ગઝલ રચયિતાઓ માટે શિવજી રૂખડા એક હરતી ફરતી ગઝલશાળા છે. બગસરાનો કવિ જ્યારે પોતાની રચના રજૂ કરે છે ત્યારે શિવજી રૂખડાના મંતવ્ય થકી પોતાની ગઝલને પ્રમાણે છે અને આ કવિની નિખાલસ,પૂર્વગ્રહરહિત, પ્રામાણિક સાંત્વના-પ્રેરણાએ બગસરાને ઘણા ગઝલકારો આપ્યા છે. બગસરામાં ૨૫વર્ષથી અવિરત ચાલતી મેઘાણી સાહિત્ય વર્તુળ સંસ્થા આ કવિની તપસિદ્ધિનું પરિણામ છે. તેમના આ સંગ્રહના પાનેપાને આ કવિનો ભગવારંગી આધ્યાત્મિક મિજાજ છલોછલ માણવા મળે છે. શબ્દસાદગી, છંદોની વિવિધતા, નવાનવા રદ્દીફોનો પ્રયોગ, તળપદા શબ્દોના ઉપયોગથી તેમની ગઝલો લોકહૃદયને સ્પર્શનારી બને છે. હજી પણ આ કવિની કલમ પ્રસરે-પમરે તેવી શુભકામના સાથે આવો માણીએ તેમના કેટલાક ઉત્તમ શે'ર-

આપણામાં એક માણસ થાય બેઠો,
આપજો એવા વિચારો શ્રી ગણેશા.



હું પણાનો ભાસ એમાંથાય છે,
એટલે જાવું નથી દર્પણ તરફ.

ઢાઇ અક્ષરના ઘણા અર્થો કરીને,
માણસોએ માણસોને પણ બનાવ્યા.

હોય સંકટ તોય હસવાનું સદા,
ખાનદાની રાખવી સહેલી નથી.

એક પણ લીટી ઉકેલી ના શક્યા,
જિંદગી આખી ભણી લીધી અમે.

પથ્થરોના ભાર કરતાં પણ વધુ,
ભાર લાગે માત્ર હોવાનો મને.

"એના ઘર ભણી" ગઝલસંગ્રહ. કવિ - શિવજી રૂખડા

પ્રકાશક-પ્રાચી પ્રકાશન-આંખની હોસ્પિટલ પાસે, અમરપરા-બગસરા-૩૬૫ ૪૪૦. પાનાં-૮૬ , કિંમત- રૂ ૧૦૦.

(લેટિન અમેરીકાની કવયિત્રીઓના કામનો પ્રતિનિધિ સંગ્રહ These are not sweet girls ના આમુખનું ગુજરાતી ભાષાંતર શ્રી હિમાન્શુ પટેલ દ્વારા કુલ ત્રણ હપ્તાઓમાં આપ સમક્ષ મુકાઈ રહ્યું છે. લેટિન અમેરીકાની કાવ્યપ્રવૃત્તિ અને કવયિત્રીઓ વિષે ઘણી રસપ્રદ માહિતી આ લેખ દ્વારા આપણને મળી રહે છે.- સંપાદક)

ઇતિહાસ વંચિત




૧)
અમે, જે જવાબદાર જીવન માટે
અને જન્મ્યા ત્રીજા વિશ્વમાં
અમે,જે માંગીએ ન્યાય
અને હયાત દક્ષિણ અમેરીકામાં
અમે,જે મરીએ બોલિવિયામાં
રખડતાં અને એકાકી
અમે છીએ ઇતિહાસ જે લખી ન શકાય
અને યાત્રી મસ્તક કાપેલાં.

૨)
પીઠમાં વાગેલી ગોળીથી એક વિદ્યાર્થી મર્યો.
લોહી
ચીસ સમ
ગલીમાં ફેલાયું.
કોણ લખશે નિરપરાધતા વિશે?

(બ્લાંકા વિથ્યુશર, બોલિવિયા. ૧૯૪૨)

દક્ષિણ અમેરિકાની જાણીતી અને સાવ અજાણી સ્ત્રી કવયિત્રીઓને એમની કાવ્યહયાતી વિશે આ કાવ્યમાં એવો જ voice મળે છે જેમ આ લેખમાં સંભળાય છે.



O આ કોઈ સુંવાળી કન્યાઓ નથી- ભાગ ૧

મૂળ લેખઃ મર્જોરી અગોસીન
અનુવાદ : હિમાન્શુ પટેલ.

ઇતિહાસ સાક્ષી છે. સ્ત્રીઓ હમેશાં મૌન કરતાં વધારે શબ્દ નજીક રહી છે. કથન, ગાન અને કૂથલીના માધ્યમથી સ્ત્રી કેળવાય અને એ દ્વારા આદાનપ્રદાનની કળા ઉપયોગમાં લે છે. એ કેવળ લખેલા શબ્દથી જ નહીં અન્ય પ્રકારે પણ સંપર્ક કેળવે છે. ચિલે-સાઉથ અમેરીકામાં સ્ત્રીઓ કથાને રંગીન વણાટમાં ગૂંથે છે જેને "અર્પિલીરા" કહે છે, જેમાં જીવનનાં સાધનો અને ખંડો ચીંથરાંથી રચેલું ચિત્ર થઈ જાય, જીવન-મૃત્યુને અર્ધ્ય થાય. ત્યાં, એક સ્ત્રૈણ પાઠ ઊઘડે વિપુલતા અને શક્યતાના વણાટ સમ. સ્ત્રીઓ ઇતિહાસ સાચવવા લખે અને એમની સંસ્કૃતિના સર્વમાન્ય વારસાના ભાગ રૂપે ઓળખાવે.

જોકે, સ્ત્રી હમેશાં શબ્દને પડખે હોવાં છતાં તેમને બોલતાં અટકાવાઈ છેઃ સંત પોલે. પવિત્ર ભાસ્યમાં સ્ત્રીને ચર્યમાં ચૂપ રહેવા આદેશ આપ્યો છે , આમ એમના જાહેર અભિપ્રાય ઉપર બંદી લાદી હતી. કેટલાંક સંસ્કૃતિગત પૂર્વનિર્ધારિત વલણો સ્ત્રીઓને દાબમાં રાખે છે જે સ્ત્રૈણ અભિગમે પોકાર્યા છે. દા.ત. "બંધ મોઢામાં કોઈ માખી પ્રવેશી નહીં શકે." છતાં સ્ત્રી પોતાના વિચારો વારંવાર કાવ્યની ભવ્ય બાનીથી બોલે છે , જ્યાં સંવેદનની વિપુલતા છે અને ભાષાવિસ્ફોટથી પુનઃપ્રાપ્તિની શક્યતા છે.

દક્ષિણ અમેરીકન કવિતા, એક પોતીકી રસપ્રદ ઘટના છે , એ જૂની અંગ્રેજી (એંગ્લો સેક્ષન) કવિતાથી વિપરીત છે, ઉપરાંત પશ્ચિમના અન્ય વિસ્તારોથી પણ. દક્ષિણ અમેરીકામાં કાવ્યસર્જન સર્વજ્ઞ આવડત છે. જે પ્રજાના રોજિંદા જીવનમાં ઊંડી ઊતરેલી છે. સફાઈ કામદાર, પાદરીઓ અને શિક્ષકો એક જ ગીત ગાય જે બાળપણથી યાદ હોય છે. દરેક જણ એ કાવ્ય વાંચનમાં હાજર હોય છે. જે ક્યારેક રમતગમતની ઘટનાથી વધારે વિખ્યાત હોય છે , ઇતર વિલક્ષણ દક્ષિણ અમે રીકન કાવ્યની વિલક્ષણતા છે. આ સમાજની સર્વમાન્ય કાવ્યમયતા જીવનના દરેક પાસા સમજાવે છે અને એનો સૂત્રાત્મક ઉપયોગ તથા હાલરડામાં પ્રયોજન.

દક્ષિણ અમેરીકાનો અભ્યાસ કરતા બૌધ્ધિકો વિન્સેન્ટ હુઇડોબ્રો, નેરુદા અને વાલેહો જેવા ૨૦મી સદીના પુરુષ સર્જકોને ઓળખે છે. ૧૯૪૫માં નોબેલ પ્રા ઈઝ મળવાને કારણે ગેબ્રિઆલ મિસ્ત્રાલને અવગણી શક્યા નહિ. પુરુષ વિવેચકોએ અવારનવાર મિસ્ત્રાલ જેવાં સ્ત્રી સર્જકોને તેઓ જે વિચારધારાને અનુસરે છે તેમાં સામેલ કર્યાં છે; અન્યકાળે, એમણે કેવળ સ્ત્રૈણ સર્જનને કાંતો નકાર્યું વા અવગણ્યું છે. આ સ્ત્રીઓનાં,પૈતૃક સમાજમાં સર્જાયેલાં કાવ્યને આધુનિક સાહિત્ય સ્તરે માન્યતા નથી મળી. ટૂંકમાં, દક્ષિણ અમેરીકન કાવ્યસંગ્રહમાં અલ્પ સ્ત્રી સર્જકો સામેલ છે. પેંગ્વિન હેન્ડબુક ઓફ લેટિન અમે રીકન વર્સ-માં ચાર સ્ત્રી સર્જક અને છોંતેર પુ રુષ કવિ છે. સિત્તેરના દાયકા પછી , સ્ત્રૈણ સમસ્યાઓની વિપુલ છણાવટ થતાં નવ્ય અને છૂટાછવાયા સ્ત્રી-સર્જકોના સંગ્રહો પ્રકાશિત થવા માંડ્યા. અમેરીકામાં, બે નવા સંગ્રહે દક્ષિણ અમેરીકન સ્ત્રી કાવ્યના રિક્ત સ્થાન ભર્યાં- ઓપન ટૂ ધ સન(૧૯૮૭) , અને વિમેન હુ હેવ સ્પ્રાઉટેડ ધ વિંગ(૧૯૮૯). આજની તારીખમાં- ઇક્ષાક અમાર ગો(૧૯૯૨) એકમાત્ર સંગ્રહ છે મધ્ય અમેરીકન કવયિત્રીઓનો.

આ સંગ્રહ વૈકલ્પિક પાઠ છે.એ ચોફેરનું આકલન નથી વા નથી લેખકોની ભૌગોલિક સૂચિ. મેં પસંદ કર્યાં છે અંદરથી આવતા ધ્વનિ, બાની જે સ્ફોટ છે અને સ્ત્રૈણ દ્રષ્ટિબિંદુથી જગતને નિહાળે છે.અહીં પ્રતિનિધિત્વ કરતાં કાવ્ય ખાસ વૈયક્તિકતા તરફ અંગૂલિનિર્દેશ કરે છે અને એના સર્જકને સ્ત્રી ત રીકે ઓળખાવે છે. આ કાવ્યો રૂઢીગત સંગ્રહને ઉથલાવે છે. દા.ત. વિઓલેતા પારાના સદાકાળ વિખ્યાત લોકનાદને સાંપ્રત, જોસ્સાભર્યા એલેહાન્ડ્રા પિઝારનિકાનાં કાવ્યોને સમાંતર મૂકવા એ પારંપરિક યોજનાને સુસંગત નથી. કેટલાંક કવિ, દા.ત. પોર્ટરિકન ઓલ્ગા નોલા અને કોસ્ટરિકન આના ઇસ્ટારુ સારાં એવાં કાવ્યોથી પ્રતિનિધિત્વ ધરાવે છે. બીજાં, જેમ કે મેક્ષિકોની પીતા આમોર અને પરુની લોરા રિએસ્કો ,નાનકડી પસંદગીથી રજૂ કરાયાં છે. કાવ્યોની પસંદગી સંગ્રહની વિચારસરણી અને માનદંડને વાચા આપે છે : ઉત્કૃષ્ટ કવિતા જે મારા વાંચવામા આવી છે.

હું લગભગ ત્રણ વરસથી આ સંગ્રહ કરવા લે ટિન અમેરીકન સ્ત્રી-સર્જકોને વાંચતી હતી. મેં ઢગલો કલ્પનાચિત્રો એકઠાં કર્યાં, એમને અન્યોનાં શબ્દોમાં કવિદ્રષ્ટિથી, પોતાને નીરખવા સાથે એકત્વ આપ્યું. મારી શોધખોળનું એક ઊઘડતું પાસું એ હતું કે તમે વિવિધ પેઢીની બાની એકત્ર કરી સાયુજ્ય રચી એકરૂપતા સર્જી શકો. દા.ત., ડેલમીરા આગુસ્તિની, ઉરુગ્વેની પહેલી શૃંગારભાવ કવયિત્રીને આના ઈસ્ટારુ, કોસ્ટારિકાની આધુનિક સર્જક સાથે, જેનાં કાવ્યો પૂર્વસૂરિઓની હાંસી નથી ઉડાવતા પણ ઊલટું સર્વમાન્ય રૂઢીને ધ્વનિત કરી એવાં જ રૂપકો પ્રયોજે છે.

આ કાવ્યસંગ્રહ સંકલિત કરતી હતી ત્યારે કદી ન પ્રકાશિત કે દે ખીતા ટોળામાં ન હોય તેવાં સર્જકને સામેલ કરવાનો નિર્ણય કર્યો, જેમ કે હોન્ડુરાની ક્લેમેટીના સુઆરેઝ, એના દેશ બહાર અજાણી, છતાં મધ્ય અમેરીકાનું આગળ પડતું નામ છે. મેં બીજાં બે બોલિવિયન કવિ પણ ઉમેર્યા છે, બ્લાંકા વિદ્યુત્યર અને યોલેન્ડા બેદરીગાલ, જેમનું સર્જન, આજની તારીખે અંગ્રેજીમાં ઉપલબ્ધ થયું છે. મેં સમતુલા જાળવવા ઉપરાંત મેળ પણ જાળવ્યો છે. પ્રખ્યાત સર્જક જેમ કે રોઝારિયો કાસ્ટીલાનોસ અને આલ્ફોનસિના સ્ટોર્ની અને ઓછાં જાણીતા એલ્સાક્રોસ અને પર્લા સ્ક્વાર્ટઝ , બન્ને મેક્સિકોના વા જેનેટ મિલર ડોમિનિકન રિપબ્લિકથી.

પાઠક ધ્વનિ, પાઠ અને પોતથી આશ્ચર્ય પામશે આ વૈવિધ્યમાં. લગભગ જાણે સ્ત્રીઓ સ્વયં અહીં એકઠી થઈ છે , વૈયક્તિકતા અને ભાષાની પ્રગાઢ શક્તિ ભરેલા નાદનું જડતર રચાયું હોય. આમાંની દરેક સ્ત્રી કહેવાના અને લખવાના જોસ્સાથી હયાત છે, રૂઢી ઉથલાવવા વિશે. ચિલેની સિસીલિયા વિકુન્યા આ ઘટનાનું ઉત્તમ ઉદાહરણ છેઃ એના મોટાભાગના પાઠમાં, શબ્દ ઘડવાના વિચાર પ્રણય ક્રીડા સાથે વણાયેલા છે. મેં આ વળાંકોમાં સાંભળ્યા છે અવાજ કે સ્ત્રીઓનાં કાવ્ય લાગણીવેડા અને આલંકારિકતા પ્રચૂર હોય છે.મોટા ભાગે , એમના કાવ્ય આત્મનિ રીક્ષણ, ઊંડાણ અને ગરક, ભાષાની ભાંજગડમાં, હયાતી અને ભાષાકીય સંદર્ભ સાથે.

વસાહત કાળથી લે ટિન અમે રીકન સ્ત્રૈણ સર્જનને આત્મચરિત્ર અને સ્વીકૃતિના સાહિત્યથી લાક્ષણિકતા અપાઈ છે , આ કાવ્ય ફરજ અને પ્રાયશ્ચિત શૈલીના લખાણથી આગળ જાય છે. આ સંગ્રહના સર્જક સામાન્ય બીબાઢાળ આજ્ઞાધારક અને અધિકાર છોડેલી સ્ત્રીઓને પડકારી આગળ નીકળી ગઈ છે. આપણે જોઈએ છીએ એવી સ્ત્રીઓનું સંગઠન જે બળકટ રૂપકો સર્જે છે, સ્ત્રીઓ જે એમના દરેક શબ્દથી પડકારે છે.

આ પાઠ શબ્દ પસંદગીના વાસ્તવિક આનંદથી સંલગ્ન છે , સર્જકના શ્વાસ અને શરીરથી. કવિ એમની કૃતિના ચરિત્ર નથી; એ એમની નિયતિના વક્તા છે. કાવ્યદેહ, માનવદેહ જેવો, આ પાઠમાં અભિવ્યક્ત થાય છે કાલગ્રસ્ત ભાષા સાથેની મથામણ સ્વરૂપે અને આ સ્ત્રીઓની ઘરવટતાને ચકાસે છે, એમના એકમ અને સ્પષ્ટ ભાષાથી.(વધુ આવતા અંકે)

કડી - http://www.amazon.com/These-Are-Not-Sweet-Girls/dp/1877727385/ref=sr_1_4?s=books&ie=UTF8&qid=1365735543&sr=1-4&keywords=latin+american+poetry#reader_1877727385



ફોટો ફિચર:

તાજેતરમાં હિંદીના સુપ્રસિદ્ધ સાહિત્યકાર સુમિત્રાનન્દન પંતની જન્મભૂમિ કૌસાની (ઉત્તરાખંડનું નયનરમ્ય પર્વતીય સ્થળ) જવાનું બન્યું. કવિના જન્મસ્થળને તેમની સ્મૃતિઓ સાથે એક સ્મારકમાં ફેરવી દેવામાં આવેલ છે. (આપણા માટે એક અનુકરણીય આચરણ.) ત્યાં જે કૈં અનુભવાયું તે આ તસ્વીરો મારફત આપ સુધી પહોંચાડવાનો એક પ્રયત્ન. – યોગેશ વૈદ્ય



શ્રી સુમિત્રાનન્દન પંત



પંતજી બાલ્યાવસ્થામાં



પંતજી એક લાક્ષણિક મુદ્રામાં



પંતજીનો અસબાબ



પંતજીનો અસબાબ




પંતજીનો અસબાબ



પંતજીનું જન્મ સ્થાન



સ્મારકનો સભા ખંડ



સ્વિચબોર્ડ પર કવિની કાવ્યપંક્તિઓ



પંતજી એક લાક્ષણિક મુદ્રામાં



પંતજીની પ્રતિમા




પંતજી એક લાક્ષણિક મુદ્રામાં

o <u>સાભાર સ્વીકાર</u>

0 **ઈથરના સમુદ્ર (કાવ્યસંગ્રહ) મહેન્દ્ર જોશી,** પ્રકાશક - દર્શક ફાઉન્ડેશન, વિક્રેતા: રંગદ્વાર પ્રકાશન , જી-૧૫, યુનિવર્સિટી પ્લાઝા, દાદાસાહેબનાં પગલાં પાસે, નવરંગપુરા, અમદાવાદ. કિંમત રૂપિયા ૧૦૦.૦૦
0 **એના ઘર ભણી (ગઝલસંગ્રહ) : શિવજી રૂખડા ,** પ્રકાશક – પ્રાચી પ્રકાશન, આંખની હોસ્પિટલ પાસે, અમરાપર, બગસરા-૩૬૫ ૪૪૦. કિંમત- રૂ ૧૦૦
0 **મંથન (કાવ્યસંગ્રહ) પ્રદીપ ખાંડવાળા,** પ્રકાશક – બળવંત કે. પારેખ, દર્શક ફાઉન્ડેશન, વિક્રેતા: રંગદ્વાર પ્રકાશન , જી-૧૫, યુનિવર્સિટી પ્લાઝા, દાદાસાહેબનાં પગલાં પાસે, નવરંગપુરા, અમદાવાદ. કિંમત રૂપિયા ૨૦૦.૦૦
0 **અમથું, તોયે ગમતું (કાવ્યસંગ્રહ) ડૉ. જગદીપ નાણાવટી ,** પ્રકાશક – પ્રવીણ પ્રકાશન પ્રા. લિ., લાભ ચેમ્બર્સ, મ્યુ. કોર્પો. સામે, ઢેબર રોડ, રાજકોટ. કિંમત રૂપિયા ૧૦૦.૦૦

o આપના પ્રતિસાદ......

૨૫ વર્ષ પહેલાં....



"નિસ્યંદન"


□ અરવિંદ પારેખ

વેરાવળનાં સાહિત્ય સંગમ દ્વારા એપ્રિલ ૧૯૮૮ નો હસ્તલિખિત અને સાયકલોસ્ટાઇલ કરેલો "નિસ્યંદન"નો અંક "નાઝિર" દેખૈયા સ્મૃતિઅંક તરીકે પ્રકટ થયો છે સંપાદક છે. જનક દવે.

સ્વ. 'નાઝિર' દેખૈયાનું અવસાન તા. ૧૭–૩–૮૮ના રોજ થયું છે.

"સાભરશે સથવારો··· "માં સંપાદક જનક દવે સ્વર્ગસ્થને ભાવભીની અંજલિ અર્પી છે. અંકમાં વિવિધ ગઝલકારોએ ગઝલો દ્વારા 'નાઝિર'ને દિલથી યાદ કર્યા છે—પ્રત્યેક પાને એક અંજલિ રૂપે ગઝલ અર્પી છે અને સાથે "નાઝિર" દેખૈયા ની કૃતિઓ છાપી વાચકોને સ્વર્ગસ્થની ગઝલોનો ફરી–પરિચય કરાવ્યો છે. 'નાઝિર"ના ગઝલગુરુ શ્રી કિસ્મત કુરેશીએ પોતાની ગઝલ દ્વારા કવનાંજલિ અર્પણ કરી છે.

શ્રી જનક દવેનું સંપાદન કાર્ય ખરેખર દાદ માંગી લે. અંક વાંચતા હૃદય દ્રવિત થઇ જાય છે. "નિસ્યંદન" એટલે રસનું ઝરવું–ટપકવું. "નિસ્યંદન"નું આ મહિનાનું સુવાક્ય છે.




·· શબ્દ ઇશ્વરની સમીપ લઇ જાય છે···
પ્રકાશક : શ્રી યોગેશ વૈદ્ય, "સાહિત્ય–સંગમ" વેરાવળ

o o o

પરખ

પામ્યા નથી કશું એ કશું ખોઇ ના શકે;
જેઓ હસ્યા નથી એ કદી રોઇ ના શકે.
"નાઝિર" ! એ પારકાની પરખ શું કરે ભલા !
પોતાની પીઠ જેઓ કદી જોઇ ન શકે.

□ "નાઝિર" દેખૈયા



નવરોઝ
સ્થાપના : ૧૯૧૭
Vol. LXXI No. 22

તેની સાઈક્લોસ્ટાઈલ સંસ્કરણની યાત્રા દરમ્યાન 'નિસ્યંદન'ના ઘણા વિશેષાંકો થયા. 'નાઝિર દેખૈયા સ્મૃતિ વિશેષાંક' તેમાંનો એક. તેને સાહિત્યકારો/વાચકોમાં વ્યાપક ચાહના પ્રાપ્ત થઈ હતી. કોલકત્તાથી પ્રગટ થતા 'નવરોઝ'ના તા. ૦૮-૦૫-૧૯૮૮ના અંકમાં તેની સુપેરે નોંધ લેવાઈ હતી.

– સાહિત્યવૃત્ત –

O સાહિત્ય અકાદમી (નવી દિલ્લી) અને બળવન્ત પારેખ સેન્ટર ફોર જનરલ સિમેન્ટિક્સ એન્ડ અધર હ્યુમન સાયન્સીઝ, (વડોદરા)ના સંયુક્ત ઉપક્રમે 'વાણી, વાસ્તવ અને હું : એક્વીસમી સદી' એ સર્જક-મિલન-શ્રેણીમાં ગુજરાતી સાહિત્યના અગ્રગામી વાર્તાકાર હિમાંશી શેલત અને વિખ્યાત ચિત્રકાર-છબીકલાકાર જ્યોતિ ભટ્ટ સાથે સહૃદય-મિલનનો કાર્યક્રમ બળવંત પારેખ સેન્ટર ફોર જનરલ સિમેન્ટિક્સ, વડોદરા ખાતે તા. ૧૦-૦૭-૨૦૧૩ના રોજ યોજાયો.



O જામનગર ખાતે કવિશ્રી સતીશચંદ્ર વ્યાસના નિવાસસ્થાને નવનિર્મિત 'નિત્યાનંદ ખંડ'નો ઉદઘાટન સમારોહ તા.૧૪-૦૭-૨૦૧૩ના રોજ શ્રી લાભશંકર પુરોહિતના અધ્યક્ષસ્થાને યોજાયો. સર્વશ્રી હરકિસન જોશી, ડૉ.પ્રફુલ દવે, મધુકર ઉપાધ્યાય તથા મુરલીબેન મેઘાણીની વિશેષ ઉપસ્થિતિ. તા.૧૩-૦૭-૨૦૧૩ના રોજ કાવ્યગોષ્ઠિ યોજાઈ.

O ધબકાર-મુંબાઈ દ્વારા ગ્રાંટરોડ સ્થિત શ્રી ચેતન ફ્રેમવાલાના નિવાસસ્થાને :

* તા.૧૬-૬-૨૦૧૩ના રોજ સુરતના ગઝલકાર શ્રી મનહરલાલ ચોક્સીને શબ્દાંજલિ આપતો સુંદર કાર્યક્રમ યોજાયો.

* તા.૨૧-૬-૨૦૧૩ના રોજ મુંબઈના ગઝલકાર ગુલામ હુસેન 'સગીર'ને શબ્દાંજલિ આપતો સુંદર કાર્યક્રમ (ગોઠણસમ પાણી અને વરસતા વરસાદ છતાં) યોજાયો. ગઝલકાર નવીન શેઠીઆની અધ્યક્ષતા અને સંચાલન ચેતન ફ્રેમવાલાનું. મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમી દ્વારા અપાતા બેસ્ટ કવિતા સંગ્રહનાં એવોર્ડ પામનાર પરિવારનાં પુષ્પાબેન મહેતાનું સન્માન ચંચળબેન અને ચંદુલાલ ફ્રેમવાલાએ કર્યું.



* તા ૨૧-૭-૨૦૧૩ના રોજ જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા મુર્ધન્ય કવિ શ્રી ઉમાશંકર જોશી અને કવિ શ્રી અરદેશર ખબરદારને શબ્દાંજલિ આપતો સુંદર કાર્યક્રમ યોજાયો. ડૉ. એસ. એસ. રાહીની અધ્યક્ષતા અને સંચાલન ચેતન ફ્રેમવાલાનું.


આ ત્રણે કાર્યક્રમોમાં સર્વ શ્રી દેવદાસ અમીર, ડો. એસ. એસ. રાહી, આશિત હૈદરાબાદી, કીર્તિભાઈ વાઘેલા, લાભશંકર જાની, રામકૃષ્ણ નાયક, નિતીન મહેતા, નવીન શેઠીઆ, પ્રવીણ પંચાલ, જયદીપ ઝવેરી, ચેતન ફ્રેમવાલા, શૈલ પાલનપુરી, રેખા કિંગર 'રોશની', હેમા મેહતા, ભાવેશ શાહ, રામકૃષ્ણ નાયક, ગિરીશ જોશી, વગેરે કવિઓએ કાવ્યપઠન કર્યાં.

O'ઝરૂખો' અંતર્ગત તા.૧/૬/૨૦૧૩ના રોજ બોરીવલી, મુંબઈ ખાતે શ્રી મહેશ શાહ દ્વારા "જીવનયાત્રાનો યાત્રી " અને શ્રી કનુભાઈ સૂચક દ્વારા " જીવન અને શિલ્પ સ્થાપત્ય" વિષયો પર વક્તવ્યો યોજાયાં. જાણીતા નવલકથાકાર દિનકર જોશીએ પણ વક્તાઓ સાથે સંવાદ કરી પ્રશ્નો પૂછ્યા હતા, તો વિષયને અનુરૂપ પ્રસંગોની રજૂઆત કરી સંજય પંડ્યાએ કાર્યક્રમની ભૂમિકા બાંધી હતી. વક્તાઓનું સ્વાગત ટ્રસ્ટી યોગેન્દ્રભાઈ તથા બિપીનભાઈએ કર્યું હતું .

(આપની આસપાસ બનતી સાહિત્યિક ઘટનાઓને ઝીલવા 'નિસ્યંદન' ઉત્સુક છે.)

કવિશ્રી હરીશ મીનાશ્રુને વલી ગુજરાતી એવોર્ડ

કવિ હરીશ મીનાશ્રુને તેમના ગુજરાતી ગઝલક્ષેત્રે પ્રદાન બદલ પ્રતિષ્ઠિત વલી ગુજરાતી ગઝલ એવોર્ડ એનાયત થયો. 'નિસ્યંદન' પરિવારના કવિશ્રીને અભિનંદન .



હરીશ મીનાશ્રુ



બોટાદકર દામોદર : કવિ (૨૭-૧૧-૧૮૭૦, ૭-૯-૧૯૨૪)

બોટાદકર દામોદર ખુશાલદાસ : જન્મ બોટાદમાં. છ ધોરણ સુધીનો અભ્યાસ. તેરમા વર્ષે શિક્ષક. કુટુંબની આર્થિક મુશ્કેલી દૂર કરવા જુદા જુદા સમયે એમણે જુદા જુદા વ્યવસાયો અજમાવેલા. વેપાર અને વૈદું કર્યાં. ૧૮૯૩માં વૈષ્ણવ ગોસ્વામી મહારાજ નૃસિંહલાલજી સાથે તેમના કારભારી તરીકે મુંબઈ ગયા. 'પુષ્ટિમાર્ગ પ્રકાશ'નું તંત્રીપદ સંભાળ્યું. નાદુરસ્ત તબિયતને લીધે ૧૯૦૭માં વતન પાછા આવી, પુનઃ શિક્ષકનો વ્યવસાય સ્વીકાર્યો.

એમનું પ્રથમ પ્રકાશન 'શાહ પ્રણીત લાલસિંહ-'સાવિત્રી' નાટક અથવા 'સ્વયંવરવિધિથી સુખી દંપતીનું ચરિત્ર' નામનું નાટક છે. એ જ રીતે 'ગોકુળગીતા', 'રાસવર્ણન' અને 'સુબોધ કાવ્યસંગ્રહ' પણ એમની પ્રારંભિક કૃતિઓ છે. તે પછી કાવ્યોપાસનાના દ્યોતક સંગ્રહો 'કલ્લોલિની' (૧૯૧૨), 'સ્રોતસ્વિની' (૧૯૧૮), 'નિર્ઝરિણી' (૧૯૨૧), 'રાસતરંગિણી' (૧૯૨૩) અને મરણોત્તર 'શૈવલિની' (૧૯૨૫) મળ્યા છે. 'રાસતરંગિણી'ના રાસોએ એમને એક નોંધપાત્ર રાસકવિનાં સ્થાનમાન મેળવી આપ્યાં છે. પૂર્વેના ત્રણ સંગ્રહો વૃત્તબદ્ધ, સંસ્કૃતપ્રચુર અને પંડિતભોગ્ય છે; એની સામે, આ સંગ્રહમાં કવિએ ગરબી જેવાં લોકગીતોના ઢાળોમાં સરલ-સ્વાભાવિક અને લોકભોગ્ય અભિવ્યક્તિ સાધી છે. 'જનનીની જોડ સખી નહિ જડે રે લોલ' જેવી વિખ્યાત ગરબી અહીં છે.

'શૈવલિની' બોટાદકરનો કાલાનુક્રમે પાંચમો અને મરણોત્તર કાવ્યસંગ્રહ. પ્રકાશકની ગફલતને કારણે 'ચતુર્થ કાવ્યસંગ્રહ' ગણાયો છે. 'શૈવલિની'નાં કાવ્યોની ગુણસંપત્તિ નોંધપાત્ર છે. ગ્રામજીવનના પરિવેશના અને એના તળપદા વિષયોના સુચારુ અને મધુર પ્રાસાદિક નિરૂપણે એમને 'સૌંદર્યદર્શી કવિ'નું બિરુદ અપાવ્યું છે. એમના ભાવસમૃદ્ધ રાસો અને ગૃહજીવનનાં કોમળ નિર્વ્યાજ સંવેદનોનાં કાવ્યો એમનું ચિરંજીવ પ્રદાન છે. નરસિંહરાવની લાંબી પ્રસ્તાવનાનું 'પુરસ્કરણ' આ સંગ્રહને મળ્યું છે. બોટાદકરની ઉત્તરાશ્રમની પ્રૌઢિનાં વિવિધ પાસાંઓનો 'શૈવલિની'માં આવિષ્કાર છે. અન્યોક્તિ અને સ્વભાવોક્તિ જેવી રચનાયુક્તિઓથી કવિ પ્રાચીન સંસ્કૃતિ, ગૃહજીવન અને સમાજજીવનના વિવિધ પ્રસંગો અને ભાવોને આવરી લે છે. અંગ્રેજી ભાષાના સીધા સંપર્કનો અભાવ અને સંસ્કૃત ભાષા પરત્વેનો રૂઢભાવ- આ બે પરિસ્થિતિઓએ એમનાં શૈલી-સ્વરૂપને ઉપસાવ્યાં છે. એમની સંસ્કૃતપ્રચુર શૈલી, અરૂઢ સંસ્કૃત શબ્દો અને સમાસોને બાદ કરતાં, એકંદરે ગૌરવાન્વિત રહી છે. સંસ્કૃત વૃત્તો પરનું પ્રભુત્વ પ્રશસ્ય છે અને એમના પદ્યબંધમાં ચારુતા જોવાય છે. 'અભિલાષ' જેવી કવ્વાલીના પ્રકારની એમની છેલ્લી રચના અહીં છે, તો 'રામાશ્વામેધ' જેવી સંપૂર્ણ બોટાદકરશાઈ અને કહેવતોની કક્ષાએ પહોંચતી પંક્તિઓવાળી પ્રસિદ્ધ રચના પણ અહીં છે.

(વિકીપીડિયામાંથી શ્રી ચંદ્રકાન્ત ટોપીવાળા તથા શ્રી પ્રસાદ બ્રહ્મભટ્ટના લખાણના આધારે)